7923

## અખબાર નોંધ

## GCCI BWW દ્વારા Member Mixer પ્રોગ્રામમાં કવીઝ દ્વારા સ્પર્ધા મેમ્બર એંગેજમેન્ટ વધારવા નેટવર્કિંગ કાર્યક્રમનું આયોજન

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ની બિઝનેસ વીમેન વિન્ગ દ્વારા તારીખ 21 ઓગસ્ટ, 2019 ના રોજ ગુજરાત ચેમ્બર્સ ના પ્રાંગણ માં સૌ પ્રથમ વખત સભ્યો ને નેટવર્કિંગ ની તેમજ માહિતી સંપાદન ની તકો પુરી પાડવા એક વિશિષ્ઠ કાર્યક્રમ નું આયોજન.

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ની બિઝનેસ વીમેન વિન્ગ સૌ પ્રથમ વખત સભ્યો ને નેટવર્કિંગ ની તકો પુરી પાડવા એક ખુબ જ માહિતી કાર્યક્રમ નું આયોજન ગુજરાત ચેમ્બર્સ ના પ્રાંગણ માં આજરોજ એટલે કે તારીખ 21 ઓગસ્ટ, 2019 ના રોજ કરેલ. જેમાં ખુબ જ મોટી સંખ્યા માં બિઝનેસ વિમેન વિંગ ના સભ્યોએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમ ના ભાગ રૂપે એક ક્વિઝ સ્પર્ધા નું આયોજન થયેલ જે ખુબ જ રસપ્રદ સાબિત થયું. જ્ઞાન સાથે ગમ્મત આ સમગ્ર કાર્યક્રમ નો આશય હતો જેમાં મહિલા ઉદ્યોગકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ અનેકવિધ ઉત્પાદનો નું સેમ્પલિંગ કરવાની પણ તક આપવા માં આવેલ તેમજ અન્ય સભ્યો સાથે નેટવર્કિંગ કેળવી પોતાના ધ્યેય તેમજ લક્ષ્ય કેવી રીતે સિદ્ધ કરવા તેની પણ તકો પુરી પાડવામાં આવેલ.

ચેરપર્સન શ્રીમતી ફણી ત્રિવેદીએ જણાવ્યા હતું કે “આ કવીઝ સ્પર્ધા દ્વારા મેમ્બર એંગેજમેન્ટ અને બોન્ડિંગ વધશે.”

સભ્યોને એકબીજા સાથે નેટવર્કિંગ ની તકો પુરી પાડવા આયોજિત ક્વિઝ સ્પર્ધામાં સભ્યોના લોગો, બ્રાન્ડ, પંચલાઈન, પ્રોડક્ટ, સભ્યનું નામ, ફેસ પરથી સભ્યને ઓળખવા વગેરે પ્રકારની સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવેલ. આ સ્પર્ધા માટે અલગ અલગ ટીમ ઉત્પાદન સાથે સંકળાયેલ સભ્યશ્રીઓ, ટ્રેડિંગ સાથે સંકળાયેલ સભ્યશ્રીઓ તેમજ સર્વિસ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલ સભ્યશ્રીઓ વચ્ચે તૈયાર કરવામાં આવેલ. સાથે સાથે તમામ સભ્યોના પ્રોડક્ટ તેમજ સર્વિસીસ ડિસ્પ્લે મોડ પર સતત બતાવવામાં આવ્યા જેથી સભ્ય ને ખબર પડે કે અન્ય સભ્યોમાં કઇ પ્રોડક્ટ/ સેવા સાથે સંકળાયેલ છે.

આ સમગ્ર નેટવર્કિંગ ત્રણ ભાગ માં આયોજિત થઇ રહેલ છે જેનું પ્રથમ રાઉન્ડ આજે પૂરું થયેલ છે અને સભ્યશ્રીઓ એ ખુબ જ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમ માં ભાગ લીધેલ છે.

આ કાર્યક્રમ ના અન્ય રાઉન્ડ હવે પછી ના સમય માં આયોજિત થશે જે રાઉન્ડ : 2.0 અને 3.0 હશે તથા તેના અંતમાં ક્વિઝ ના ફાઇનલ રાઉન્ડ માં પરિવર્તિત થશે અને વિજેતા ટિમ ને ઇનામો આપવામાં આવશે.

આ પ્રસંગે મીડિયા ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા તથા કાર્યક્રમ ની માહિતી મેળવેલ હતી.

ગુજરાત ચેમ્બર ની બિઝનેસ વિમેન વિંગ ના ચેરપરસન શ્રીમતી ફણી ત્રિવેદી તથા વર્કિંગ કમિટી ના સભ્યો પ્રેસ તેમજ મીડિયા ના પ્રતિનિધિઓ ને માહિતી પુરી પાડી હતી.

---

સંપાદક / ચીફ રિપોર્ટર / કમર્શિયલ એડિટર / બ્યુરો ચીફ / ન્યૂઝ એડિટર
પ્રકાશનની તરફેણમાં

Phani

**ફણી ત્રિવેદી**
ચેરપરસન બિઝનેસ વિમેન વિંગ
ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી